| | | |
|---|---|---|
| **GJCU050017372022** | | **CC NO. 1089/2022**<br>**Exhibit No.** |

## (નમુનો :– અ)

| નસવાડીના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.નસવાડી, જી.છોટાઉદેપુર. | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૨૫ / ૧૦ /૨૦૨૪ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૧૦૮૯ / ૨૦૨૨ |
| **પોલીસ સ્ટેશન/**<br>**એફ.આઈ.આર. નંબર** | :<br>: | નસવાડી પો.સ્ટે.<br>ગુ.ર.નં. : થર્ડ– ૧૧૧૮૪૦૦૭૨૦૦૬૧૪ / ૨૦૨૦ |
| **ગુનો** | : | ઈ. પી. કો. કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટ–૧૭૭, ૧૮૪, ૧૩૪. |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | સરકાર શ્રી, | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | એચ.જી.ટેલર | |
| **આરોપી** | : | (૧) | **સંદીપભાઈ મહેશભાઈ વસાવા, ઉ.વ. ૩૧ ,**<br>રહે. : વદેસીયા નિશાળ ફળીયા, તા. નસવાડી, જી. છોટાઉદેપુર. મુળ રહે.રાજપીપળા મોતીબાગ નાંદોદ જી.નર્મદા |
| **આરોપીના વિ.વ.શ્રી** | : | | એન . એસ . મેમણ |

## (નમુનો :– બ)

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૧૮ / ૦૬ / ૨૦૨૦ |
| **ફરીયાદની તારીખ** | : | ૧૮ / ૦૬ / ૨૦૨૦ |
| **ચાર્જશીટની તારીખ** | : | ૦૮ / ૧૦ / ૨૦૨૨ |
| **ચાર્જફ્રેમ તારીખ** | : | ૦૭ / ૧૦ / ૨૦૨૨ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૦૭ / ૧૦ / ૨૦૨૨ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૨૫ / ૧૦ / ૨૦૨૪ |
| **ચુકાદાની તારીખ** | : | ૨૫ / ૧૦ / ૨૦૨૪ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | – |

: આરોપીની વિગત :

| નં. | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાન/ નિર્દોષ | સજા | Crpc: 428 માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચીમો ઉર્ફે રાજેન્દ્રભાઈ રણજીતભાઈ ચૌહાણ | ૨૯ / ૬ / ૨૦ | ૨૯ / ૬ / ૨૦ | ઈ. પી. કો. કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટ–૧૭૭, ૧૮૪, ૧૩૪ | નિર્દોષ | – | – |

(નમુનો :–ક)

ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| અનુ નં. | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૮ | તારાબેન મથુરભાઈ ભીલ | સાહેદ |
| ૨ | ૦૯ | ભાવુબેન રામુભાઈ ભીલ | સાહેદ |
| ૩ | ૧૦ | અશ્મીતાબેન અનીલભાઈ ભીલ | સાહેદ |
| ૪ | ૧૧ | રમેશભાઈ કરસનભાઈ ભીલ | સાહેદ |
| ૫ | ૧૨ | કોકીલાબેન ઉદેસીંગભાઈ ભીલ | સાહેદ |
| ૬ | ૧૩ | પ્રકાશભાઈ રમેશભાઈ ભીલ | સાહેદ |
| ૭ | ૧૪ | અજયભાઈ ઉદેસીંગભાઈ ભીલ | સાહેદ |
| ૮ | ૧૫ | કમળાબેન ચીમનભાઈ ભીલ | સાહેદ |
| ૯ | ૧૬ | શનીબેન ચુનીલાલભાઈ ભીલ | સાહેદ |
| ૧૦ | ૧૭ | કાજલબેન પુનમભાઈ ભીલ | સાહેદ |
| ૧૧ | ૧૮ | રેવાબેન લક્ષ્મણભાઈ ભીલ | સાહેદ |
| ૧૨ | ૧૯ | શનીબેન મથુરભાઈ ભીલ | સાહેદ |
| ૧૩ | ૨૦ | મથુરભાઈ પરસોત્તમભાઈ ભીલ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ૨૧ | રહેશભાઈ રાવજીભાઈ ભીલ | સાહેદ |

**ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| નં | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | અસલ ફરીયાદ |
| ૨ | ૨૩ | દક્ષાબેન અજયભાઈ ઉદેસીંગભાઈનુ મરણોત્તર પંચનામું |
| ૩ | ૨૪ | અટક પંચનામું |
| ૪ | ૨૫ | બનાવવાળી જગ્યાનું પંચનામું શબ પરીક્ષણ યાદી |
| ૫ | ૨૬ | રક્ષાબેન પ્રકાશભાઈ ભીલનું મરણોત્તર પંચનામું |
| ૬ | ૨૭ | પી.એમ નોટ |
| ૭ | ૨૮ થી ૩૫ | સારવાર પ્રમાણપત્ર |
| ૮ | ૩૬ | દક્ષાબેન અજયભાઈની પી.એમ નોટ |
| ૯ | ૩૭ | એક્સીડ઼ેન્ટ રીપોર્ટ ફોર્મ |

<u>ઠરાવ</u>

**(૧).** ફરીયાદ પક્ષનાં કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદો મોજે.બરોલી ગામે નર્મદા મેઈન કેનાલના બરોલી ગેટ પાસે રોડ ઉપર તા.૧૮.૦૬.૨૦ ના કલાક ૧૨/૩૦ વાગ્યે પોતે પોતાના કબ્જા ભોગવટાની બોલેરો ગાડી નં. જીજે.૦૬.એચડી.૭૭૮૧ પુર ઝડપે હંકારી આ કામના ફરીયાદી પોતાની ટાટા કંપનીની ઈન્ટ્રા ગાડી રજી નં. જીજે.૨૨.યુ.૨૯૪૪ મા મરણ જનાર તથા ઈજા પામનાર સાહેદોને બેસાડી લઈ ઉચાડ થી મુખ્ય કેનાલની બાજુમા આવેલ રોડ થી માતોરા ગામે જતા હતા તે દરમ્યાન આ કામના આરોપી નં.૧ નાઓ પોતે પોતાની ગાડી તણખલા રેડ બરોલી ગામ તરફ થી પુર ઝડપે બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી આ કામના ફરીયાદીની ગાડી ટાટા ઈન્ટ્રા સાથે પાછળના ડાલાના ભાગે અથાડી એક્સીડ઼ેન્ટ કરતા દક્ષાબેન અજયભાઈ ઉદેસીંગભાઈ ભીલ ઉ.વ.૨૩ તથા રક્ષાબેન પ્રકાશભાઈ ભીલ ઉ.વ.૨૪ બંને રહે.ઉચાડ પટેલ ફળીયા તા.તિલકવાડા જી.નર્મદા નાઓને માથાના ભાગે તથા શરીરે ઓછી વત્તી ઈજાઓ પહોચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી તથા સાહેદ તારાબેન મથુરભાઈ પરસોત્તમભાઈ ભીલ તથા ભાવુબેન રામુભાઈ માનસીંગભાઈ ભીલ તથા મથુરભાઈ પરસોત્તમભાઈ ભીલ તથા શનીબેન તે મથુરભાઈ પરસોત્તમભાઈ ભીલ તથા અશ્મીતાબેન અનીલભાઈ મથુરભાઈ ભીલ તથા કાજલબેન પુનમભાઈ લક્ષ્મણભાઈ ભીલ તથા રેવાબેન લક્ષ્મણભાઈ લલ્લુભાઈ ભીલ તથા શનીબેન ચુનીલાલભાઈ ભીલ તથા

કમળાબેન ચીમનભાઈ હિમ્મતભાઈ ભીલ વિગેરે સાહેદોને શરીરે ઓછીવત્તી ઈજાઓ પહોચાડી પોતાની બોલેરો ગાડી મુકી નાશી ગયેલ અને તપાસ દરમ્યાન આ કામના આરોપી નાઓ પકડાઈ જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે તપાસને અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાઈ આવતાં, ત.ક. અધિકારીશ્રી ધ્વારા ઈ. પી. કો. કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ના સજાને પાત્ર ગુનાનું ચાર્જશીટ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૩ મુજબ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ.

**(૨).** ચાર્જશીટ રજુ થતાં તે ફોજદારી કેસ રજીસ્ટરે ઉપરોકત કેસ નંબરથી નોંધવામાં આવેલું. ત્યારબાદ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતાં સમન્સ બજી જતાં આરોપી તેમના વકીલ શ્રી મારફતે હાજર થતાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે તેમની સામેના કેસના કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કરી **આંક– ૩** થી સ્ટેટમેન્ટ લેવામાં આવેલ, જેમાં આરોપીએ ગુન્હો કબુલ ન કરતાં કેસ આગળ ચલાવવા માંગણી કરતાં કામ ફરીયાદ પક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

**(૩).** આ સિવાય ફરિયાદપક્ષે વધુ કોઈ પુરાવો આપેલ નથી અને મૌખીક રીતે પુરાવો બંધ કર્યા અંગેની જાહેરાત કરેલ છે.

**(૪).** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામે આરોપીનું ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧ ૩ મુજબ વિશેષ નિવેદન નોધવામાં આવતા તેઓ તેમના નીવેદનમાં જણાવે છે કે**,''અમો તદન નિર્દોષ છીએ.**''

**(૫).** ત્યારબાદ ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમની રજુઆતમાં જણાવે છે કે, ફરીયાદપક્ષ દ્વારા તેમનો કેસ સાબીત કરેલ છે ત્યારે આરોપીને યોગ્ય સજા કરવા વિનંતી ગુજારેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી તેમની રજુઆતમાં જણાવે છે કે, ફરીયાદી, સાહેદો તેમજ મેડી.ઓફીસર તેમજ તપાસ કરનારની જુબાનીથી પણ ફરીયાદને સમર્થન લાયક કોઈ પુરાવો આપેલ નથી તેમજ અકસ્માતનનો બનાવ કોની બેદરકારીથી બનેલ તેવો કોઈ બનાવને સમર્થન લાયક પુરાવો આપેલ ન હોય ત્યારે આરોપીએ બેદરકારી અને ગફલતભરી ભરી રીતે તેમની લકઝરી બસ ચલાવી સાહેદોને ઈજા પહોચાડેલ છે તેવો કોઈ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય આરોપીને નિર્દોષ છોડવા અરજ ગુજારેલ છે.

**(૬).** ઉપરોકત હકીકતોએ સદરહું કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**<u>મુદા નં. ૧</u>** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદો મોજે.બરોલી ગામે નર્મદા મેઈન કેનાલના બરોલી ગેટ પાસે રોડ ઉપર તા.૧૮.૦૬.૨૦ ના કલાક ૧૨/૩૦ વાગ્યે પોતે પોતાના કબ્જા ભોગવટાની બોલેરો ગાડી નં. જીજે.૦૬.એચડી.૭૭૮૧ પુર ઝડપે હંકારી આ કામના ફરીયાદી પોતાની ટાટા કંપનીની ઈન્ટ્રા ગાડી રજી નં. જીજે.૨૨.યુ.૨૯૪૪ મા મરણ જનાર તથા ઈજા પામનાર સાહેદોને બેસાડી લઈ ઉચાડ થી મુખ્ય કેનાલની બાજુમા આવેલ રોડ થી માતોરા ગામે જતા હતા તે દરમ્યાન આ કામના આરોપી નં.૧ નાઓ પોતે પોતાની ગાડી તણખલા રેડ બરોલી ગામ તરફ થી પુર ઝડપે બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી આ કામના ફરીયાદીની ગાડી ટાટા ઈન્ટ્રા સાથે પાછળના ડાલાના ભાગે અથાડી એક્સીડ઼ેન્ટ કરતા દક્ષાબેન અજયભાઈ ઉદેસીંગભાઈ ભીલ ઉ.વ.૨૩ તથા રક્ષાબેન પ્રકાશભાઈ ભીલ ઉ.વ.૨૪ બંને રહે.ઉચાડ પટેલ ફળીયા તા.તિલકવાડા જી.નર્મદા નાઓને માથાના ભાગે તથા શરીરે ઓછી વત્તી ઈજાઓ પહોચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી તથા સાહેદ તારાબેન મથુરભાઈ પરસોત્તમભાઈ ભીલ તથા ભાવુબેન રામુભાઈ માનસીંગભાઈ ભીલ તથા મથુરભાઈ પરસોત્તમભાઈ ભીલ તથા શનીબેન તે મથુરભાઈ પરસોત્તમભાઈ ભીલ તથા અશ્મીતાબેન અનીલભાઈ મથુરભાઈ ભીલ તથા કાજલબેન પુનમભાઈ લક્ષ્મણભાઈ ભીલ તથા રેવાબેન લક્ષ્મણભાઈ લલ્લુભાઈ ભીલ તથા શનીબેન ચુનીલાલભાઈ ભીલ તથા કમળાબેન ચીમનભાઈ હિમ્મતભાઈ ભીલ વિગેરે સાહેદોને શરીરે ઓછીવત્તી ઈજાઓ પહોચાડી પોતાની બોલેરો ગાડી મુકી નાશી ગયેલ અને તપાસ દરમ્યાન આ કામના આરોપી નાઓ પકડાઈ જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે તપાસને અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાઈ આવતાં, ત.ક. અધિકારીશ્રી ધ્વારા ઈ. પી. કો. કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ નો ગુનો કરેલ છે ?

**<u>મુદા નં. ૨</u>** શું હુકમ ?

ઉપરોકત મુદાનાં મારા નિર્ણય તથા તેના કારણો નીચે મુજબનાં આપું છું.

**મુદા નં. ૧ નકારમાં**

મુદા નં. ૨ આખરી હુકમ મુજબ.

:: <u>કારણો</u> ::

<u>મુદા નંબર ૦૧</u> :–

(૭). આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી રહેશભાઈ રાવજીભાઈ ભીલ ની આંક– ૨૧ તથા આંક– ૮ થી સા.તારાબેન મથુરભાઈ ભીલ તથા આંક– ૦૯ થી સાહેદ ભાવુબેન રામુભાઈ ભીલ તથા આંક–૧૦ થી અશ્મીતાબેન અનીલભાઈ ભીલ તથા આંક–૧૧ થી સા.રમેશભાઈ કરસનભાઈ ભીલ તથા આંક–૧૨ થી કોકીલાબેન ઉદેસીંગભાઈ ભીલ તથા આંક–૧૩ થી પ્રકાશભાઈ રમેશભાઈ ભીલ તથા આંક–૧૪ થી અજયભાઈ ઉદેસીંગભાઈ તથા આંક–૧૫ થી કમળાબેન ચીમનભાઈ ભીલ તથા આંક–૧૬ થી શનીબેન ચુનીલાલભાઈ તથા આંક–૧૭ થી કાજલબેન પુનમભાઈ ભીલ તથા આંક–૧૮ થી રેવાબેન લક્ષમણભાઈ આંક–૧૯ થી શનીબેન મથુરભાઈ ભીલ તથા આંક–૨૦ થી મથુરભાઈ પરસોત્તમભાઈ ભીલ નાઓની સોગંદ પર જુબાની આપેલ છે ઉપરોકત ફરીયાદી તેમજ તમામ સાહેદોની જુબાની વંચાણે લેતા તેઓ ને સામાવાળા વાહન નુ રજીસ્ટ્રેશન નંબર કે વાહન ચાલક કોણ હતો તેની ખબર નથી અને બનાવ નજરોનજર જોએલ નથી તેથી કોની બેદરકારીથી હાલનો બનાવ બનેલ તેવી હકીકત અંગે પણ તેઓને જાણ નથી તેમજ આરોપીની બેદરકારીથી જ બનાવ બનેલ છે તે હકીકત પણ જાણતા નથી ત્યારે આરોપી ધ્વારા પુરઝડપે અને બેદરકારી રીતે બોલેરો વાહનના ચાલક થી અકસ્માત થયેલ છે તેવી હકીકત ફરીયાદપક્ષ સાબીત કરી શકતા ન હોય ફરીયાદી તેમજ સાહેદોની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી.

(૮). વધુમાં આ કામે દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષે આંક–૨૨ થી ફરીયાદ આંક–૨૩ થી ઈન્કવેસ્ટ પંચનામુ તથા આંક–૨૪ થી અટક પંચનામુ તથા આંક–૨૫ થી થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ રાખવામાં આવેલ છ તથા આંક–૨૬ થી ઈન્કવેસ્ટ પંચનામું તથા આંક–૨૭ તથા આંક–૩૬ થી પી.એમ નોટ તથા આંક–૨૮ થી ૩૫ સારવારના પ્રમાણપત્ર તથા આંક–૩૭ થી એક્સીડ઼ેન્ટ રીપોર્ટ ફોર્મ રજુ કરવામાં આવેલ છે પરંતુ પંચોની હાજરીમાં જ ઈન્કવેસ્ટ પંચનામું તથા ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ છે તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષ સાબીત કરતા નથી. વધુમાં આંક–૨૭ તથા આંક–૩૬ વાળો પી.એમ રીપોર્ટ તથા આંક–૨૮ થી આંક–૩૫ સુધી મેડીકલ સર્ટી વંચાણે લેતા ફરીયાદી અને સાહેદો હાલનો અકસ્માત આરોપીની બોલેરો ગાડી થી પુરઝડપે અને બેદરકારીથી થયેલ હોય તે હકીકતને સમર્થન આપતા નથી ત્યારે ઉપરોકત તમામ દસ્તાવેજ વંચાણે લેતા પણ આરોપીને સજા કરી શકાય તેવો કોઈ પુરતો પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ કરી શકયા નથી ત્યારે આરોપી દ્વારા પોતાની બોલેરો ગાડી દ્વારા

પુરઝડપે અને બેદરકારી ભરી રીતે અકસ્માત કરેલ છે કે કેમ તે સાબીત થતું ન હોય ઉપરોકત દસ્તાવેજો વંચાણે લેતા પણ આરોપી વિરુધ્ધનો કોઈ મજબુત પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

( ૯ ). વધુમાં ભારતીય કાયદામાં બેદરકારી કયારે કહેવામાં આવે તે અંગે કોઈ વ્યાખ્યા આપવામાં આવેલ નથી ત્યારે બેદરકારી કોને કહેવાય તે અંગે ના.ઉચ્ચ અદાલતનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો–

***<u>Hon'ble Supreme Court in S.N.Hussain V.State of Andhra pradesh- AIR 1972 SC 685</u>***

"Criminal negligence on the other hand is the gross and culpable neglect or failure to exercise that reasonable and proper care and precaution to guard against injury either to the public generally or to an individual in particular.

વધુમાં આ કામે ઉપરોકત ચુકાદાના સંદર્ભમાં ઈ.પી.કો કલમ–૨૭૯ ધ્યાને લેવામાં આવે તો–

**<u>279-Rash driving or riding on a public way-</u>**

Whoever drives any vehicle or rides on any public way in a manner so rash or negligent as to endanger human life or to be likely to cause hurt or injury to any other person,shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees or with both.

આમ, ફરીયાદપક્ષ તરફે અકસ્માતના કેસોમાં મુખ્યત્વે નીચે જણાવેલ હકીકતો સાબિત કરવાની હોય છે.

(૧) અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહનનો ચાલક આરોપી હતો.

(૨) અકસ્માત સમયે આરોપીએ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારી પૂર્વક હંકારેલ હોવાના કારણે અકસ્માત થયેલ.

ઉપરોકત તમામ સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના બનાવમાં આરોપી ઉપરોકત વાહન ગફલત ભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ આ તમામ સાહેદોનો પુરાવો જેમને તેમ સ્વીકારી લેવામાં આવે તો પણ ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો ધ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને ભારતીય દંડ સંહિતાની

કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

**(૧૦ ).** ઉપરોકત સમગ્ર ચર્ચા કર્યા અનુસાર જયારે ફરીયાદી તેમજ ઈજા પામનાર સાહેદ તેમજ અન્ય સાહેદોની જુબાનીમાં પરસ્પર વિરોધાભાસ જોવા મળે છે તેમજ ખરેખર આરોપીની બેદરકારીથી હાલનો બનાવ બનેલ છે કે કેમ તે ફરીયાદપક્ષ સાબીત કરતા ન હોય ત્યારે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ– ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબના મુકવામાં આવેલ તહોમત લગતના ગુન્હાના કોઈ જ તત્વો આ કામે પુરવાર થતા ન હોવાનું ઠરાવી ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોવાનું માની **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકારમાં** આપી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું :–

**<u>–:: આખરી હુકમ ::–</u>**

**(૧).** આ કામનાં આરોપી **સંદીપભાઈ મહેશભાઈ વસાવા, ઉ.વ. ૩૧ ,**રહે. : વદેસીયા નિશાળ ફળીયા, તા. નસવાડી, જી. છોટાઉદેપુર. મુળ રહે.રાજપીપળા મોતીબાગ નાંદોદ જી.નર્મદાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–: ૨૫૫(૧) ના પ્રબંધો અનુસાર ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ– ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(ક) ની જોગવાઈ રૂએ આરોપીને એવો આદેશ કરવામાં આવે છે કે, તેણે એપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટે છ માસ સુધી અમલમાં રહે તેવા રૂા.૫,૦૦૦/– ની રકમના જામીન સાથેના જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date : 25/10/2024**
**Place: Nasvadi.**

**[Bhaveshbhai Govindbhai Solanki]**
**Judicial Magistrate First Class,Nasvadi.**
**GJ00976.**